**ભાગ ૧: ભાવ પત્રક**

ટેન્ડર ફોર્મ

તા:....../....../૨૦૨૧

ટેન્ડર ફી. રૂા.૧૦૦.૦૦

(નોન રીફંડેબલ)

**પ્રતિ,**

ઇન્ચાર્જ મેનેજીંગ ડિરેક્ટર શ્રી,

બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.

પાલનપુર.

**વિષય: બટાકા પરિવહનનો ઈજારો આપવા બાબત.**

સંઘે નક્કી કરેલ તા: ૦૧.૦૪.૨૦૨૧ થી ૩૧.૧૨.૨૦૨૧ સુધીના સમય માટે સંઘે નક્કી કરેલા કોલ્ડ સ્ટોરેજથી પોટેટો પ્રોસેસિંગ પ્લાન્ટ સુધી **બટાકા પરિવહન ઈજારા ૨૦૨૧** માં જણાવેલ શરતો અને નિયમોને આધીન રહી નીચે જણાવેલ **કોષ્ટક** માં પ્રતિ મેટ્રિક ટનના ભાવ/દરથી હું લેવા તૈયાર છું.

| **અ.નં.** | **વિગત** | **ઓફર દર/મેટ્રિક ટન (રૂપિયામાં), જી.એસ.ટી. સાથે.** |
|---|---|---|
| ૧ | સંઘે નક્કી વિશ્વકર્મા કોલ્ડ સ્ટોરેજ, આખોલ ચાર રસ્તા, ડીસા થી હાઈ-ફન ફૂડ્ઝ, ગણેશપુરા (જી.મહેસાણા) સુધીનું બટાકા પરિવહન ભાડું. | |
| ૨ | સંઘે નક્કી કરેલ વિશ્વકર્મા કોલ્ડ સ્ટોરેજ, આખોલ ચાર રસ્તા, ડીસા થી હિમાલયા ફૂડ્ઝ ઇન્ટરનેશનલ લિમીટેડ, વડનગર (જી.મહેસાણા) સુધીનું બટાકા પરિવહન ભાડું. | |
| ૩ | સંઘે નક્કી કરેલ મહારાજા કોલ્ડ સ્ટોરેજ, લોડપા થી હાઈ-ફન ફૂડ્ઝ, ગણેશપુરા (જી.મહેસાણા) સુધીનું બટાકા પરિવહન ભાડું. | |
| ૪ | સંઘે નક્કી કરેલ મહારાજા કોલ્ડ સ્ટોરેજ, લોડપા થી હિમાલયા ફૂડ્ઝ ઇન્ટરનેશનલ લિમીટેડ, વડનગર (જી.મહેસાણા) સુધીનું બટાકા પરિવહન ભાડું. | |

**ઈજારદારનું નામ :**

**સરનામું:** મુ.........................., પો........................, તા.............................., જી......................................

મો.નં.........................................
મેઈલ:............................................................, ફેક્સ નં.........................................

આ સાથે ટેન્ડર ડીપોઝીટ તરીકે રૂા....................... નો બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. નામનો ............................ બેંકનો .............................. નંબરનો ડીમાન્ડ ડ્રાફ્ટ સામેલ છે. ટેન્ડરની શરતો અને ફોર્મ જોઈ, તપાસી, વાંચી, વિચારી ઉપર મુજબ મારા/અમારા ભાવ (દર) ભર્યા છે. બિડાણ કરેલ શરતો અમોને કબુલ મંજુર છે. (નોંધ: ટેન્ડર ફોર્મમાં હકીકત ખોટી જાહેર કરેલી હોવાનું જણાશે તો ટેન્ડર ના મંજુર કરવાને પાત્ર ગણાશે, આ બાબતમાં સંઘનો નિર્ણય આખરી ગણાશે.). મને આ પ્રકારની કામગીરી કરવાનો .......... વર્ષનો અનુભવ છે, જે અંગેનું સર્ટીફીકેટ આ સાથે સામેલ છે.

**તારીખ:**

**સ્થળ:** **ઇજારદારની સહી.**

## <u>ભાગ ૨: ટેન્ડરની શરતો</u>

- **<u>જનરલ શરતો:</u>**

- ટેન્ડર ફોર્મ જે નામે આપવામાં આવ્યું હશે તે જ નામે સ્વીકારવામાં આવશે.
- આ ઈજારો તા: ૦૧.૦૪.૨૦૨૧ થી ૩૧.૧૨.૨૦૨૧ ના ઈજારાના સમય દરમિયાન જરૂર જણાયે એક માસની નોટીસથી રદ કરી શકાશે અને આવા કિસ્સામાં સંઘ ડિપોઝીટ પરત કરશે, પરંતુ ઈજારાના સમય દરમિયાન સંઘને ઇજારદારની કામગીરી અંગે અસંતોષ હોય તો સંઘ કોઈપણ વખતે વગર નોટીસે તાત્કાલીક ઈજારો રદ કરી ડિપોઝીટ જપ્ત કરી શકશે.
- બનાસડેરી તથા કોલ્ડ સ્ટોરેજના માણસો સાથે વાહન ઉપર રોકાયેલા ડ્રાયવર કે કંડકટર અસભ્ય વર્તન કરશે તો તેવા કિસ્સામાં સંઘ તરફથી સુચના મળ્યેથી ઇજારદારે આવા શખ્સને તાત્કાલીક છુટા કરવાનો રહેશે.
- આ કરારનો સમય પુરો થયે સંઘ જરૂર જણાશે તો વધુ સમય માટે તમામ અમલી શરતો સાથે ઈજારો લંબાવી શકશે અને તે ઇજારદારને બંધનકર્તા રહશે.
- ટેન્ડર મંજુર થયે સંઘ જણાવે ત્યારે કરારનામા ઉપર સહી કરવા ઇજારદાર બંધાયેલ છે, તેમાં કસુર થયેથી ઈજારો રદ થયો ગણાશે અને ટેન્ડર ડિપોઝીટની રકમ જપ્ત થયેલી ગણાશે.
- ટેન્ડર મંજુર થયે કરારનામું કરવાનું રહેશે, કરારનામું થયા બાદ જો કોઈપણ કારણોસર ઇજારદાર ઈજારો બંધ કરે તો ઈજારો રદ કરી કાયમી ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે.

- **<u>તકનીકી (ટેકનીકલ) શરતો:</u>**

- કોલ્ડ સ્ટોરેજથી બટાકા લોડ થયા બાદ ગાડી બટાકા પ્રોસેસિંગ પ્લાન્ટ પર ૪ (ચાર) કલાકમાં પહોંચી જવી જોઈએ. પરિવહનમાં વિલંબ થાય અને બટાકાની ક્વોલેટી ખરાબ થાય તો બટાકાની કિંમતની ભરપાઈ ઇજારદારને કરવી પડશે.
- બટાકા પરિવહન માટેનું વાહન ચોખ્ખું હોવું જોઈએ.
- બટાકા પરિવહન માટેનું વાહન લોડ થયા બાદ તેના પર સીધો સુર્યપ્રકાશ ના પડે તે માટે ગ્રીન નેટથી કવર કરવાના રહેશે અને ચોમાસાની સીઝનમાં પરિવહન કરવાનું થાય તો ગાડી પર ટાટપત્રી ઢાંકવાની રહેશે. જો તેમ નહિ કરેલ હોય તો તેની કપાત બીલ માંથી કરવામાં આવશે.
- કોલ્ડ સ્ટોરેજથી લોડ કરેલ બટાકાના વજન અને ગુણવત્તામાં કોઈપણ જાતનો તફાવત આવશે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી ઇજારદારની રહેશે.

- **<u>કાર્યપ્રણાલીની શરતો:</u>**

- સંઘે નક્કી કરેલા કોલ્ડ સ્ટોરેજથી હાઈ-ફન ફૂડ્ઝ, ગણેશપુરા (જી.મહેસાણા) અને /અથવા હિમાલયા ફૂડ્ઝ ઇન્ટરનેશનલ લિમીટેડ, વડનગર (જી.મહેસાણા) સુધી બટાકા શીડ્યુલ પ્રમાણે પહોચાડવાની જવાબદારી ઇજારદારની રહેશે.
- તમામ શરતોનો ઇજારદારે ચુસ્તપણે અમલ કરવાનો રહેશે તેમજ શરતમાં જણાવ્યા સિવાય પણ સંઘના મેનેજીંગ ડીરેક્ટરશ્રી તરફથી વારંવાર જે કઈ સૂચનાઓ, આદેશો લેખિતમાં આપવામાં આવે તેનો અમલ કરવાનો રહેશે. જો કોઈપણ સંજોગોમાં સૂચનાઓનો ભંગ કરવામાં આવશે તો તેવા ઇજારદારનો ઈજારો સંઘના મેનેજીંગ ડિરેક્ટરશ્રી રદ કરી શકશે અને તેઓ શ્રી નક્કી કરે તેટલી રકમનો દંડ કરવામાં આવશે અથવા બીજા જે કઈ શિક્ષાત્મક પગલા લેવામાં આવશે તે ઇજારદારને બંધનકર્તા રહશે.
- ઇજારદારે ઈજારાના આધારે કામ ઉપર મુકેલ વાહનને અકસ્માત થાય તો તે કારણે આપવા પાત્ર થતા કાયદેસરના વળતર સહીત તમામ પ્રકારની ફોજદારી કે દિવાની જવાબદારી ઇજારદારના શીરે રહેશે. સંઘ સદર બાબતે કોઈપણ જાતની જવાબદારી કે જોખમ ભોગવશે નહી.
- ઇજારદાર પોતે અથવા પોતાના રાખેલ કર્મચારી મારફત આ ઈજારાનું કામ પૂર્ણ કરશે. ઇજારદાર કે તેના રાખેલ કર્મચારી સંઘના અધિકારીઓની સુચના પ્રમાણે કામ કરશે. સુચનાનું પાલન ન કરે અને તેનાથી ઉપસ્થિત થતી તમામ પરિસ્થિતીની જવાબદારી ઇજારદારના શિરે રહેશે. ઇજારદારે પોતાના વાહન પર રોકેલ કર્મચારી અંગે મજુર હિતના સહકારી કાયદા અન્વયે કોઈ દિવાની કે ફોજદારી જવાબદારી ઉપસ્થિત થાય તો તે અંગેની સઘળી જવાબદારી કે ઇજારદારના વાહનથી નુકસાન થાય તો તેની સંપૂર્ણ જવાબદારી ઇજારદારની રહેશે.

- **<u>નાણાકીય શરતો:</u>**

- ઇજારદારે બટાકા પરિવહન માટે મુકેલ વાહન પોતાની સંપુર્ણ જવાબદારી ઉપર મુકવાનું રહેશે. બટાકા પરિવહન દરમિયાન ગવર્મેન્ટ કે અન્ય કોઈપણ ટેક્ષ, આર.ટી.ઓ. ટેક્ષ ઇજારદારના શિરે રહેશે.
- ઇજારદારે બટાકા પરિવહન માટે મુકેલ વાહનના બળતણ સર્વિસ કે રીપેરીંગ અંગેના ચાર્જની જે રકમ સંજોગોવશાત સંઘ તરફથી ચૂકવાયેલ હશે તો તે રકમ પરિવહન ભાડાના જે તે બીલમાંથી કપાત કરવામાં આવશે.
- ઈજારાના સમય દરમિયાન બળતણ (ડીઝલ ,પેટ્રોલ)ના ભાવમાં વધઘટ થશે તો તે મજરે આપવી કે નહી તે સંઘની મનસુફી ઉપર રહેશે.
- બટાકા પરિવહન દરમિયાન આગ, ભાંગતોડ, ધરતીકંપ, તોફાનો, ચોરી, માર્ગ અકસ્માત, અતિવૃષ્ટિ કે અન્ય રીતે બટાકાને નુકસાન થશે તો તે રકમ ઇજારદારને ભરપાઈ કરવાની રહેશે. આ અંગે વીમો ઇજારદારે લેવાનો રહેશે.
- ટેન્ડર મંજુર થયે ઈજારાની શરતોનું પાલન કરવા ઇજારદાર બંધાયેલ છે તેમ નહી કરવા બદલ અગર ઈજારાનો અમલ કરવામાં કોઈ ચૂક થાય અગર ઈજારાની શરતભંગને ધ્યાનમાં લઇ, સંઘ ઈજારાના સમય દરમિયાન ક્યારેય પણ ઈજારો રદ કરે અને તેમ કરતાં સંઘને તણામણનો ખર્ચ બાકીના સમયમાં વધુ આવે, તે વધારાના ખર્ચની રકમ ઇજારદારે ભરપાઈ કરવાની રહેશે અને તે ઇજારદારને આપવાપાત્ર થતી રકમમાંથી કપાત કરવામાં આવશે.
- ટેન્ડર મંજુર થયે ઇજારદારે કાયમી ડીપોઝીટ પેટે રૂા. ૧૦,૦૦૦/- (અંકે દશ હજાર પુરા) ભરવાના રહેશે, જે ઈજારા ની મુદત પૂર્ણ થયેથી અને બટાકા પ્રોડક્શન વિભાગનું ક્લીયરન્સ રજુ કર્યેથી એક માસમાં પરત કરવામાં આવશે.

વધુમાં બટાકાની થતી કીંમત પેટે ડીપોઝીટ ઉપર કોઈપણ વ્યાજ કે વળતર ચૂકવાશે નહી. ઈજારાની બેંક ગેરંટી રૂા.૫૦,૦૦૦/- (અંકે પચાસ હજાર પુરા)ની આપવાની રહેશે. જે ઈજારો પુરો થયેથી ડીપોઝીટ સાથે પરત કરવામાં આવશે.

- ઇજારદારના ભાડાના પ્રથમ પખવાડિયાનું બીલ દર માસની ૨૦મી તારીખ સુધી અને બીજા પખવાડિયાનું બીલ દર બીજા માસની ૫ મી તારીખ સુધીમાં બીલ રજુ કરવાનું રહેશે, ત્યારબાદ અનુક્રમે માસની બીજી અને સત્તરમી તારીખે ભાડાની રકમ ઇજારદારના બેંક ખાતામાં નાણાકીય વ્યવહાર થી વર્ગ કરવામાં આવશે. સદર બીલમાં કરારની શરત અનુસાર જે કઈ કપાત કરવાની થતી હશે તે રકમ કપાત કરી બીલ વર્ગ કરવામાં આવશે અને તેમાં ઇજારદારનો કોઈ વાંધો ચાલશે નહી.
- ઇજારદારે કોઈપણ બેંકમાં ચાલુ ખાતું ખોલાવી ખાતાની વિગત સંઘના એકાઉન્ટ વિભાગમાં આપવાની રહેશે.
- શરતોના અર્થઘટન માટે ઇન્ચાર્જ મેનેજીંગ ડીરેક્ટરશ્રીનો નિર્ણય આખરી રહેશે અને ન્યાયનું ક્ષેત્ર પાલનપુર રહેશે.

**તારીખ:**

**સ્થળ:** **ઇજારદારની સહી.**